
# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેમ્બર - ડિસેમ્બર ૨૦૧૭  વર્ષ ૧૦  અંક ૩  પૃષ્ઠ ૮  રૂા. ૨/-

## સંપૂર્ણ માનવજાતિ તરફ તમારી જવાબદારી છે

ઉત્તરદાયિત્વ-જવાબદારી શબ્દ એના પૂરા અર્થમાં સમજી લેવો જોઇએ એનો. અંગ્રેજી શબ્દ છે રિસ્પોન્સીબિલિટી (Responsibility) અને એનું મૂળ છે - To respond. રિસ્પોન્ડ એટલે પ્રતિસાદ આપવો. આંશિક રીતે નહિ, સમગ્રતાપૂર્વક પ્રતિસાદ આપવો. એમાં બીજો અર્થ પણ ગર્ભિત છે કે ફરી તપાસ માટે મોકલો - Refer back. તમારી ભૂમિકાને ફરી તપાસો. એટલે કે જે સંસ્કારો વડે તમારા મનની ભૂમિકા બંધાઇ છે એને ફરી તપાસો. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે મનુષ્યના મન પર પડતા સંસ્કારોમાંથી નિષ્પન્ન થતું પરિણામ એ જવાબદારી છે. માણસ જેમાં જીવે છે તે સંસ્કૃતિ, સમાજ એના મનને સ્વાભાવિક રીતે જ સંસ્કારિત કરે છે, પછી એ સંસ્કૃતિ સ્વદેશી હોય કે પરદેશી હોય. આ ભૂમિકાઓથી માણસ પ્રતિસાદ આપતો હોય છે અને આ પ્રતિસાદ અનુસાર આપણી જવાબદારીની મર્યાદા પણ બંધાતી હોય છે. ભારત, યુરોપ, અમેરિકા અથવા જ્યાં માણસ જન્મ્યો અને ઉછર્યો હોય છે ત્યાંનાં ધાર્મિક ગૃહીતો - બધા ધર્મો ગૃહીતો ઉપર જ રચાયા હોય છે - અથવા રાષ્ટ્રીયતા કે વૈજ્ઞાનિક સિધ્ધાંતો અનુસાર એનો પ્રતિસાદ આવશે. માણસના પ્રતિસાદ ઉપર આ બધું પોતાની અસર પાડે છે. એથી આ પ્રતિસાદ હમેશાં મર્યાદિત હોય છે અને તે તે સમય પૂરતા હોય છે. એથી એની અંદર પરસ્પર વિરોધ, સંઘર્ષ અને ગુંચવાડાની ઉત્પત્તિ થતી રહેતી હોય છે. આ સ્થિતિ આવવી અનિવાર્ય છે. એ મનુષ્યોની અંદર અંદર ભેદભાવ ઊભો કરે છે, અને કોઇ પણ પ્રકારનો ભેદભાવ, સંઘર્ષ જ નહિ, હિંસા, અને અંતે જતાં યુધ્ધો પણ ઊભાં કરે છે.

માણસ જો જવાબદારી શબ્દનો સાચો અર્થ સમજે અને દુનિયામાં શું ચાલી રહ્યું છે એ પણ સમજે તો એને જણાશે કે જવાબદારી પોતે જ બિનજવાબદાર બની ગઇ છે. બિનજવાબદારી એટલે શું એ જો સમજીશું તો જવાબદારી પણ સાચા અર્થમાં સમજતા થઇશું. જવાબદારી શબ્દ જ બતાવે છે કે જવાબદારી સમસ્ત માટેની, એટલે કે ફક્ત પોતા માટે જ નહિ, પોતાના કુટુંબ માટે જ નહિ, અમુક સિધ્ધાંતો કે માન્યતાઓવાળા માટે જ નહિ, પરંતુ સમસ્ત માનવ જાતિ માટેની જવાબદારી છે.

આપણી કેટલીક સંસ્કૃતિઓએ વ્યક્તિવાદને મુખ્ય કરીને ભેદો ઉપર વિશેષ ભાર મૂકયો છે. એનું પરિણામ એ આવ્યું છે કે દરેક વ્યક્તિ પોતાની ઇચ્છામાં આવે એમ વર્તે છે અથવા સમાજ માટે કેટલી પણ જરૂરી કે નફાકારક આવડત પોતાનામાં હોય તે છતાં ફક્ત પોતાની ક્ષમતા પ્રત્યે જ સમર્પિત રહેવું. એકહથ્થુ સત્તાવાદીઓ જે મનાવવા ઇચ્છે છે, કે મનુષ્ય નહિ પણ રાજય અને રાજયનું પ્રતિનિધિત્વ કરતા સત્તાધારીઓ જ ફક્ત છે, આવો આનો અર્થ જરા પણ નથી. રાજય એ એક વિચાર/સંકલ્પના છે, પણ એક મનુષ્ય, રાજયમાં રહેતા હોવા છતાં, એક વિચાર/સંકલ્પના નથી. ભય એ એક સત્ય હકીકત છે, સંકલ્પના નહીં.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ મનુષ્ય એ સમગ્ર મનુષ્યજાતિ છે. એ માનવજાતિનું ફક્ત પ્રતિનિધિત્વ જ કરતો નથી, એ પોતે જ સમગ્ર માનવજાતિ છે. ખરી રીતે તો તે સમગ્ર મનુષ્યજાતિનો જીવાત્મા છે. (Psyche) આ વાસ્તવિકતાના આધારે કેટલીક સંસ્કૃતિઓએ ભ્રમ ઊભો કર્યો છે કે દરેક મનુષ્ય મૂલતઃ ભિન્ન છે. આ ભ્રમમાં મનુષ્યજાતિ સૈકાઓથી સપડાયેલી છે, અને ભ્રમ વાસ્તવિક બની ગયો છે. માણસ જો પોતાની મનોવૈજ્ઞાનિક રચનાને બરાબર સમજે તો એને જણાશે કે જો એક માણસને પણ સહન કરવાનું આવે છે, તો ઓછાવત્તા પ્રમાણમાં સમસ્ત મનુષ્યજાતિને એ સહન કરવું પડે છે. તમે જો એકલવાયાપણું અનુભવતા હશો તો સમસ્ત મનુષ્યજાતિને આ એકલવાયાપણાનું ભાન થતું હોય છે. વેદના, ઈર્ષ્યા, મત્સરનો અનુભવ બધાને થતો હોય છે. માણસો વચ્ચે શારિરીક તફાવત હોય છે. જીવશાસ્ત્રીય તફાવત પણ હોય છે, એક ઊંચો હોય છે, બીજો નીચો હોય છે. પરંતુ મૂલતઃ એક મનુષ્ય સમસ્ત જાતિનો પ્રતિનિધિ છે.

એથી માનસશાસ્ત્રની દૃષ્ટિએ તમે પોતે જ વિશ્વ છો. એક અલગ મનુષ્યવ્યક્તિ તરીકે તમે તમારા પોતાના માટે જ નહિ, સમસ્ત મનુષ્યજાતિ માટે જવાબદાર છો. અલગ મનુષ્યવ્યક્તિત્વ એ માનસશાસ્ત્રની દૃષ્ટિએ મોટો ભ્રમ છે. સમગ્ર મનુષ્યજાતિના પ્રતિનિધિ તરીકે તો તમારો પ્રતિસાદ પણ પૂર્ણ હોવો જોઇએ, આંશિક નહિ. આમ જવાબદારીનો અર્થ સંપૂર્ણપણે જુદો જ થઇ જાય છે. માણસે જવાબદારીની આ કલા શીખવી પડશે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ માણસ પોતે જ વિશ્વ છે. એનો પૂરો સંકેત જો સમજાય તો જવાબદારી પોતે સર્વવિજયી પ્રેમરૂપ બની જાય છે. એ પછી માણસ બાળકની સંભાળ રાખશે.

*Letters to Schools*, ૧૫ નવેમ્બર, ૧૯૭૮

આપણાં સઘળાં મૂલ્યોને બદલી નાખે એવી અગાધ ક્રાંતિ જ એક અલગ વાતાવરણ, એક બુદ્ધિશાળી સામાજિક રચના સર્જી શકે અને આવી ક્રાંતિ માત્ર તમે અને હું જ લાવી શકીએ. વ્યક્તિગત રીતે આપણા પોતાના અને માનસિક અવરોધો તોડી નાખીને મુક્ત ન થઇએ, ત્યાં સુધી કોઇ નવી વ્યવસ્થા ઉદ્ભવી શકશે નહિ. *Education & the Significance of Life*, પ્ર. ૩

સંપાદકીય

**કૃ**ષ્ણમૂર્તિએ અનેક વેળાએ, વિવિધ પ્રકારે, સામાજિક આપત્તિનું ચિત્ર આપણી સમક્ષ દોરી આપ્યું, અને એ પણ બતાવી આપ્યું કે આપણા સમાજને કેવી રીતે ઘડીએ છીએ તેની પાછળ આપણે જ કારણભૂત છીએ, આપણે જ જવાબદાર છીએ. ત્યારે એ પણ ખરું જ ને કે તે બદલવાની જવાબદારી પણ આપણી જ છે.

તર્કશુધ્ધ પધ્ધતિએ કૃષ્ણમૂર્તિ આગળ એ પણ બતાવી આપે છે કે ઈશ્વર, દેશ, ધર્મ, પૈસા, પ્રતિષ્ઠા આ બધાં વિભાજનના કારણો છે. અને આ વિભાજન હિંસાનું કારણ બને છે, વળી એટલું જ નહીં, ખરેખર તો આ કોઇ વિભાજન પ્રત્યક્ષ નથી, ફક્ત વિચારોની રમત છે.

આ વસ્તુને ખરેખર સમજવી એ મહત્ત્વનું છે. તીવ્ર સંવેદનશીલતા હોય તો જ, આ ભ્રમના ચક્રવ્યુહમાં માનવનું સારાપણું ખોવાઇ રહ્યું છે એ કઠોર સત્ય લાભશે, અને સામાજિક જવાબદારી, સામાજિક બંધુપણું, સામાજિક કર્તવ્ય વગેરે ફક્ત વિચારની કક્ષાએ ન રહેતાં, સહજપણે, વિના પ્રયત્ને વર્તનમાં ઉતરશે. આ બદલાવ એક વ્યક્તિ માટે તો આંતરિક જ હોય પણ તેનો પડઘો આખાય સમાજ પર પડી શકે.

## સમાજ તરફ તમારી જવાબદારી શું છે?

**જ્યા**રે આપણે વિશ્વને જોઇએ છીએ ત્યારે આપણામાંના દરેકને એ સ્પષ્ટપણે લાગતું હશે જ કે કોઇક રીતની મૂળભૂત ક્રાંતિ થવી જ જોઇએ. આ શબ્દ દ્વારા હું સુધારાવાદી થીગડાં મારવાની વાત કે ઉપર ચોટિયા બદલાવની વાત નથી કરતો કે એકાદ ખાસ વિચારણાની સામે ગણતરીપૂર્વકના જોખમની રીતે ફેરફારની વાત નથી કરતો, પણ હું અભિવ્યક્ત કરવા માંગું છું એ ક્રાંતિ ફક્ત એવા ઉચ્ચતમ સ્તરે જ આવી શકે કે જ્યારે આપણે ચિત્તના સંપૂર્ણ મર્મને સમજવાની શરૂઆત કરી દઇએ છીએ. મને લાગે છે કે આ મૂળભૂત મુદ્દાને સમજ્યા સિવાય કોઇ પણ સ્તરે આવેલો બદલાવ, ભલે ટૂંકાગાળા માટે એ કેટલો પણ ઉપયોગી હોય, એ વધારે દુઃખજનક સ્થિતિ અને અવ્યવસ્થા તરફ દોરી જનારો હોય છે.

સંપત્તિ અને દરિદ્રતા, સાર્વભૌમ સરકારો, લશ્કર અને સમૂહ સંહારના આ હથિયારોની આ અસાધારણ જટિલ રચના જોઇને, પોતે પોતાને જ પૂછવાનું મન થાય કે આ બધી અવ્યવસ્થામાંથી શું નીપજવાનું છે અને ક્યાં દોરી જઇ રહ્યું છે આ બધું? આનો જવાબ શું છે? અગર કોઇ જો જરા પણ ગંભીર હોય તો પોતાને આ પ્રશ્ન પૂછયો જ હોય. આપણે વૈયક્તિક રીતે અને સમુદાયના એક હિસ્સા તરીકે આ બાબતનો કેવી રીતે ઉકેલ લાવશું? વ્યાકુળ થઇને આપણામાંના મોટા ભાગના કોઇને કોઇ સામાજિક કે ધાર્મિક રચના તરફ દોરવાઇ જઇએ છીએ, આમાંથી બહાર નીકળવાનું માર્ગદર્શન આપવા માટે આપણે કોઇ નેતા તરફ નજર કરીએ છીએ, કે પછી પ્રાચીન સંસ્કૃતિ તરફ પાછા ફરવા ઉપર ભાર આપીએ છીએ. આપણે કહીએ છીએ કે 'ચાલો ઋષિઓએ જે શીખવાડયું છે, જે બધું ઉપનિષદ, ગીતામાં છે, તેના તરફ પાછા વળીએ; વધારે પ્રાર્થનાઓ, વધારે કર્મકાંડ, વધારે ગુરુઓ અને વધારે નિષ્ણાતો મળવા દો'. ખરેખર આ જ બની રહ્યું છે, નહીં?

હવે, આ સંપૂર્ણ અવ્યવસ્થાના ચિત્રને જોતાં-તત્ત્વજ્ઞાનીની રીતે નહીં, બનતા બનાવોને જોનાર ફક્ત એક નિરીક્ષક બનીને નહીં, પણ જેનામાં હમદર્દી એકરૂપ થઇ ગઇ છે, જેનામાં અનુકંપા જીવિત છે, જે મને લાગે છે આપણાંમાંનાં ઘણાઓમાં છે- આની પ્રતિક્રિયા તમે કેવી રીતે આપો? તમારી સમાજ તરફ કઇ જવાબદારી છે? કે પછી પાશ્ચાત્ય કે પૌર્વાત્ય કોઇ નિશ્ચિત સંસ્કૃતિની પરંપરાગત ભાતને અનુસરતાં અનુસરતાં, તમે ફક્ત સમાજના ચક્રમાં ફસાઇ ગયા છો? અને એટલે આ આખાય મુદ્દા તરફ તમે અંધ બની જાઓ છો? અને જો તમે તમારી આંખ ખોલો, તો પણ તમે ફક્ત સામાજિક બદલાવ, રાજકીય ઘટનાઓ અને આર્થિક મેળ સાથે જ નિસ્બત રાખશો? આ અતિશય જટિલ સમસ્યાનો ઉકેલ શું ત્યાં રહેલો છે? કે પછી સાવ જ અલગ દિશામાં તેનો ઉકેલ રહેલો છે? શું સમસ્યા ફક્ત આર્થિક અને સામાજિક છે? કે પછી, આ અવ્યવસ્થા અને વારંવાર મળતી યુધ્ધની ધમકીઓનું કારણ જ એ છે કે આપણાંમાંનાં મોટા ભાગનાં લોકોને જીવનના આ ઊંડા મુદ્દા સાથે, માનવીના સંપૂર્ણ વિકાસ સાથે નિસબત નથી?

હવે, આ વસ્તુસ્થિતિને જોયા પછી- જો તમે અસંવેદનશીલ ન હો તો અથવા એ વિચારો ન આવે તે રીતે તેને રોકી રાખવાનો પ્રયત્ન તમે ન કરતાં હો તો, મને ખાતરી છે કે એનાથી તમે વાકેફ છો જ - તમારો જવાબ શું છે? મહેરબાની કરીને સૈધ્ધાંતિક રીતે, કે સામ્યવાદી કે મૂડીવાદી કે હિંદુ કે અન્ય કોઇ વૈચારિક અસર હેઠળ - કે જે વિચાર ફક્ત ઉપરથી લાદેલો હોવાથી, વાસ્તવિક નથી હોતો- તમે જવાબ ન આપતાં; એને બદલે, એની તાત્કાલિક પ્રતિક્રિયાથી, શિક્ષિત પ્રતિક્રિયાઓથી તમારા મનને અનાવરિત કરીને, એક વ્યક્તિ તરીકે તમારી પ્રતિક્રિયા શું છે તે શોધો. આ સમસ્યાનો ઉકેલ તમે કઇ રીતે લાવશો?

જો તમે સામ્યવાદીને આ પ્રશ્ન કરશો, તો તેની પાસે એક નિશ્ચિત જવાબ હશે, તેવી જ રીતે એક કૅથલિક પાસે, રૂઢિચુસ્ત હિંદુ કે મુસલમાન પાસે પણ હશે જ, પણ તેમના જવાબો, દેખીતી રીતે જ અનુબંધિત હોય છે. સંકુચિત કે અસંકુચિત હોવાં છતાં, ચિત્તના સંપૂર્ણ વિકાસ સાથે નિસ્બત ન ધરાવતી હોય એવા કોઇક સમાજ કે સંસ્કૃતિ દ્વારા તેઓ એક નિશ્ચિત દિશામાં જ વિચારવાનું શીખ્યા હોય છે, અને તેઓ આ અનુબંધિત વિચારો પ્રમાણે પ્રતિભાવ આપવાનું શીખ્યા હોય છે, એટલે તેમના ઉકેલો હંમેશ વિરોધમાં જ હોય છે, અને મને લાગે છે કે એ અપેક્ષિત જ છે કે તેને લીધે દુશ્મનાવટ જ ઉત્પન્ન થાય. જો તમે હિંદુ હો, કે ખ્રિસ્તી હો, કે જે પણ હો, તમારો પ્રતિભાવ તમે જે વાતાવરણમાં અનુબંધિત હો તે પ્રમાણે, તમે જે સંસ્કૃતિમાં મોટાં થયાં હો તેને અનુરૂપ જ હોય છે. પણ આપણો જે પ્રશ્ન છે તે તો બધી જ સંસ્કૃતિઓ, બધી જ નિશ્ચિત વ્યવસ્થાઓથી પર છે, તે છતાં આપણે તેનો ઉકેલ એક નિશ્ચિત વ્યવસ્થા તરીકે લાવવા માંગીએ છીએ, અને એટલે જ ગૂંચવણોના પહાડો ઊભા થાય છે, કંગાલિયત વધે છે. એટલે, જો દરેક અનુબંધોને મૂળભૂત રીતે તોડી નાંખવામાં નહીં આવે, સંપૂર્ણ વિભાજન કરવામાં નહીં આવે, ત્યાં સુધી, કેટલો પણ શુભ આશય હોવા છતાં, કહેવાતી રીતે કેટલાં પણ ધાર્મિક હોવાં છતાં આપણે ખચિત વધારે ને વધારે અવ્યવસ્થા જ ઉત્પન્ન કરતાં રહીશું.

મને લાગે છે કે સમસ્યા એક સાવ જ અલગ સ્તરે રહેલી છે, એને સમજવાના પ્રયાસમાં આપણે સમાજવાદી, મૂડીવાદી કે સામ્યવાદીઓ વગેરેની વ્યવસ્થા કરતાં એક સાવ અલગ જ પ્રક્રિયા કરવી પડશે.

મારા માટે, ચિત્તની વિવિધ પ્રક્રિયાઓને સમજવું એ જ સમસ્યા છે, કારણકે જ્યાં સુધી પોતે પોતાના વિચારોની પ્રકિયાનું નિરીક્ષણ કરતાં, સમજતાં નહીં શીખે, ત્યાં સુધી કોઇ સ્વતંત્રતા નથી, અને તેથી (સમસ્યાના ઉકેલમાં) આગળ પણ ન જ વધી શકે. આપણાંમાંનાં મોટાંભાગના લોકોનું મન સ્વતંત્ર નથી હોતું, એ જાણતાં કે અજાણતાં કોઇક જ્ઞાન, કેટલીય માન્યતાઓ, અનુભવો, અંધવિશ્વાસોને ખીલે બંધાયેલ હોય છે; અને આવું ચિત્ત કોઇ સ્પષ્ટ દર્શન, નવીન વાત ને ખોળી કાઢવાને કેવી રીતે સક્ષમ હોય ?

દરેક કસોટી માટે ખચિત જ નવો પ્રતિભાવ હોવો જોઇએ, કારણકે આજની સમસ્યા ગઇ કાલની સમસ્યા કરતાં સાવ જ અલગ હોય છે. દરેક સમસ્યા હંમેશ નવી જ હોય છે; હંમેશ તેમાં પરિવર્તન આવતું જ હોય છે. દરેક કસોટીમાંગે છે નવો જ પ્રતિભાવ, અને જો મન સ્વતંત્ર ન હોય તો નવો પ્રતિભાવ ન મળે. માટે જ, સ્વતંત્રતા એ પ્રારંભ હોય છે, અંત નહીં. ક્રાંતિની શરૂઆત, સામાજિક, સાંસ્કૃતિક કે આર્થિક સ્તરે નહીં પણ, ચોક્કસપણે એથી પણ ઉચ્ચ સ્તરે થવી જોઇએ; અને એ ઉચ્ચ સ્તરની શોધ એ એક સમસ્યા છે - તેની શોધ અને નહીં કે જે ઉચ્ચ કહેવાય છે તે વાતનો સ્વીકાર. મને સમજણ નથી પડતી કે હું આ મુદ્દા વિશે સ્પષ્ટતાથી સમજાણ પાડી શક્યો છું કે નહીં. કોઇ ગુરુ દ્વારા કે કોઇ નિપુણ વ્યક્ત દ્વારા પણ ઉચ્ચ સ્તર વિશે વાત કરવામાં આવે, અને પોતે જે સાંભળ્યું છે તે બીજાને ફરી કહી શકાય, પણ એ પ્રક્રિયા કાંઇ શોધ નથી. એ તો ફક્ત સત્તાનો સ્વીકાર છે, અને આપણાંમાંનાં મોટાભાગનાં સત્તાને સ્વીકારી લે છે કારણકે આપણે આળસુ હોઇએ છીએ. એ બધું વિચારાઇ ગયું છે, અને આપણે ફક્ત એક ગ્રામોફોન રેકર્ડની જેમ ફરી બોલી નાખીએ છીએ.

*Social Responsibility,* મદ્રાસ, ૧૧ જાન્યુવારી ૧૯૫૬

---

આપણી બધી સમસ્યાઓ હકીકતમાં વ્યક્તિગત સમસ્યાઓ છે કારણકે વ્યક્તિ જ સમાજ છે, વ્યક્તિ વિના કોઇ સમાજ નથી. અને જ્યાં સુધી વ્યક્તિ પોતાની જાતને, પોતાના ચેતન તેમજ અચેતન સ્વત્વને, સંપૂર્ણ સમજે નહીં, ત્યાં સુધી જે પણ સુધારાઓની તે યોજના કરે, જે પણ ઇશ્વરોનો આવિષ્કાર કરે, જે કોઇ સત્યની શોધ કરવા મથે, તેનું બહુ જ નજીવું મહત્વ છે. માટે વ્યક્તિગત સમસ્યા એ વિશ્વની સમસ્યા છે, જે બહુ સ્પષ્ટ છે; અને જ્યારે વ્યક્તિ પોતાની જાતને, પોતાના મનની પ્રવૃત્તિઓને, પોતાની ચેતનાની પ્રક્રિયાને સમજે, ત્યારે જ વિશ્વની સમસ્યાનો અંત શક્ય છે. ત્યાર પછી એક નવા વિશ્વના સર્જનની શકયતા છે, જેમાં કોઇ રાષ્ટ્રીયતા ન હોય, માન્યતાઓની સીમા ન હોય, કોઇ રાજકીય કે ધાર્મિક સિધ્ધાંતો ન હોય.

*The Collected Works, Vol. IX,* સિડની, ઑસ્ટ્રેલિયા, ૯ નવેમ્બર, ૧૯૫૫

---

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઇ ૬૦૦૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org

કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ:** ધી સ્ટડી વેલી સ્કૂલ કૅમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩ • Email : kifistudy@gmail.com • Website : www.kfistudy.org

૦૫-૦૮ અક્ટૂબર ૨૦૧૭ Breaking free from the 'Prison of the mind
૦૯-૧૨ નવેમ્બર૨૦૧૭ Harmony in Relationship
૦૬-૧૦ ડિસેમ્બર ૨૦૧૭ Retreat for the Young (18 -35 yrs): What are you DOING with your LIFE?
૧૮-૨૧ જન્યુઆરી ૨૦૧૭ Significance of "Living in the Here & Now"

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : studycentre@rajghatbesantschool.org • Website : www.rajghatbesantschool.org

આંતરરાષ્ટ્રીય રિટ્રીટ: રાજઘાટ કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર
વારાણસીમાં ૨૯ ડિસેમ્બર ૨૦૧૭ થી ૬ જાન્યુઆરી ૨૦૧૮ સુધી એક અઠવાડિયાની આંતરરાષ્ટ્રીય અભ્યાસ શિબિર
વિષય: જીવન જીવવાની કળા, સંપર્ક: studycentre@rajghatbesantschool.org,
ફોન નં. : ૯૧ ૫૪૨૨૪૪૧૨૮૯ , વેબસાઇટ : www.rajghatbesantschool.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

૨૩-૨૫ ડિસેમ્બર ૨૦૧૭ Annual Theme Conclave-2017: 'Why we react?'

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર:** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org





# શિક્ષક હોવું એટલે શું?: એક કાર્યશાળા

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા, મુંબઈ વતી, બૉમ્બે કેમ્બ્રિજ સ્કૂલના સહયોગથી તારીખ ૭, ૮,૯ જુલાઈ, ૨૦૧૭ આ ત્રણ દિવસો દરમ્યાન અંધેરીમાં માધ્યમિક શિક્ષકો માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો, 'શિક્ષક હોવું એટલે શું?' અને નિમિત્ત હતું આ શાળાના રૌપ્યમહોત્સવના વર્ષનું. મુંબઈ અને આસપાસના ઉપનગરોમાંથી લગભગ ૧૧૦ જેટલા શિક્ષકો આ કાર્યશાળામાં સહભાગી થયાં હતાં.

આ કાર્યશાળામાં માર્ગદર્શન આપવા માટે ચેનાઈથી કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની શાળા 'ધ સ્કૂલ' ના પ્રાચાર્યા શ્રીમતી જયશ્રી નંબિયાર, તેમ જ શિક્ષકો શ્રીમતી બીના શીવરામ અને અરવિંદ રંગનાથન આવ્યાં હતાં.

પોતાના સ્વાગત ભાષણમાં બૉમ્બે કેમ્બ્રિજ શાળાના અધ્યક્ષશ્રી વિક્રમ પટેલે કાર્યશાળાના ઉદ્દેશ અને રૂપરેખાને સમજવતાં કહ્યું કે કૃષ્ણમૂર્તિશાળાઓની વિશિષ્ટતા, કૃષ્ણમૂર્તિના શિક્ષણ વિષયક વિચારો અનુસાર ચાલનારી આ શાળાઓમાં અપાતું શિક્ષણ, શિક્ષણની વિવિધ પધ્ધતિઓ અને શિક્ષકો અને બાળકો-વાલીઓ વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ, આ સર્વનું માર્ગદર્શન બધી જ શાળાઓના શિક્ષકોને થાય એ જ આ કાર્યશાળાના આયોજન પાછળનો મુખ્ય હેતુ છે. આ કાર્યશાળામાંથી કૃષ્ણમૂર્તિની શિક્ષણ પધ્ધતિ વિષયક ચર્ચા, પ્રશ્નોત્તર અને પરસ્પર સંવાદ ઉઘડી આવે એવી અપેક્ષા તેમણે દર્શાવી.

સૌ પ્રથમ, કાર્યશાળાની શરૂઆત કરતાં શ્રીમતી જયશ્રીએ કહ્યું કે અત્યારના પડકારજનક સમયની બધા જ શિક્ષકોને જાણ હોવાથી શિક્ષકોએ પોતાના પ્રત્યે અને વિદ્યાર્થીઓના પરસ્પર સંબંધો પ્રત્યે નજર કરીને એની ઉપર થોડો સમય આપવો જરૂરી છે. વિશ્વમાં આવેલ માહિતી અને તંત્રજ્ઞાનના મહાપૂરને કારણે વિદ્યાર્થીઓ પોતાના સ્વત્વને જુએ અને જાણે એ માટે શું કરવું પડે એનું ભાન આજે શિક્ષકોએ જ રાખવું પડે. તેમણે કૃષ્ણમૂર્તિ શાળાનું ખરું રહસ્ય સમજાવતાં કહ્યું કે અહીં બાળકોને પ્રશ્નો પૂછતાં કરવામાં આવે છે, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે મિત્રતાનો નાતો અને શિક્ષકોનો ડર ન હોય એવા સાથ સહકારના વાતાવરણમાં તેમની સાથે સંવાદ સધાતો હોય છે.

શ્રી અરવિંદે આગળ વધારતાં કહ્યું કે શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે સમાન તાંતણો કયો હોય તે શિક્ષકે શોધી કાઢવું જોઈએ. વિદ્યાર્થીને શું ગમે છે, તેનો ઝોક કઈ તરફ છે, તેનું કુદરતી ખેંચાણ શેના તરફ છે, એ નિરીક્ષણ કરીને, આજના વાતાવરણમાં યશની પાછળ બધી શક્તિ વેડફતાં વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષકોએ માર્ગદર્શન આપવું જોઈએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓ પ્રત્યે અને શિક્ષણ વિષયક જે ધારણાઓ આજે છે તેની અસર પર પણ ધ્યાન આપવું જોઈએ.

શ્રીમતી બીનાએ આ વિષય પર બોલતાં કહ્યું કે શિક્ષકોએ આ વ્યવસાય મનથી પસંદ કરેલો હોવો જોઈએ, અને તો જ રસ લઈને શીખવવા વિવિધ પ્રયોગો પણ કરી શકશે. વિદ્યાર્થીઓમાં બદલાવ લાવવાના પ્રયોગોની સાથે પોતાનામાં પણ બદલાવ લાવવાની તૈયારી શિક્ષકમાં હોવી જોઈએ, પોતાના અંતર્મન સાથે પણ સંવાદ સાધવો જોઈએ.

શ્રીમતી જોશીએ એ પણ સમજાવ્યું કે વિદ્યાર્થી, વાલી, શિક્ષક, શાળા, મહાવિદ્યાલય અને સમાજ એ બધાની સામે આજનું શિક્ષણ એક પડકાર ઊભો કરે છે. એનો સામનો આપણે કઈ રીતે કરી શકીશું એ મોટો પ્રશ્ન છે. વિદ્યાર્થી ફક્ત કારકીર્દિની પાછળ ન પડે પણ એક સારા મનુષ્યનું નિર્માણ કેમ થાય એ જોવું ખૂબ મહત્ત્વનું છે.

આ પછી શિક્ષકોની જોડે અર્થપૂર્ણ પ્રશ્નોત્તરી થઈ જેમાં શિક્ષકોએ પોતપોતાની શાળાઓમાં ઊભી થતી વિવિધ શૈક્ષણિક બાબતોને કેવી રીતે ઉકેલ કઢાય છે એની ચર્ચા કરી. તે પછી 'યોગ્ય શિક્ષણ એટલે શું' એ વિષય પર કૃષ્ણમૂર્તિના વ્યાખ્યાનનો વિડીયો બતાવવામાં આવ્યો.

કાર્યશાળાના બીજા દિવસની શરૂઆતમાં શિક્ષણમાં કૃષ્ણમૂર્તિની જીવન દૃષ્ટિનો સુમેળ કરવાને લગતાં થઈ રહેલાં વિવિધ પ્રયોગો પર ચર્ચા કરવામાં આવી. શિક્ષણના વિવિધ અંગો વિશે પણ ઊંડું ચિંતન કરવામાં આવ્યું.

શિક્ષણ આપણી સમક્ષ વિવિધ પડકારો ઊભા કરે છે. શાળામાં સામુદાયિક સ્તરે શિક્ષકોને ઘણા વર્ષોનો અનુભવ હોય છે. પણ આ ઊભા થતાં પડકારોનો તત્કાળ ઉપાય ન શોધતાં, અને પડકારને સમસ્યારૂપ ન ગણતાં, કેવી રીતે આ પડકારને જોઈ શકાય? શિક્ષકો સાથે વાતચીત-સંવાદ કરીને, તેમની સમક્ષ ઊભા થયેલા પડકાર તરફ સર્જનાત્મક દૃષ્ટિકોણથી જોવું, પડકારના મૂળ સુધી જઈ, ઊંડાણથી સમજવા માટે તેમને ઉત્તેજન આપવું જોઈએ એમ શ્રીમતી નંબિયારે કહ્યું. નિરીક્ષણ કરતા થવું, સંવાદ સાધી શકવો, મુક્તપણે વિચારણા કરી શકવી એ જ શિક્ષણનો મતલબ છે. આ મહત્ત્વના મુદ્દા તરફ તેમણે ધ્યાન દોર્યું.

તે પછી કેટલીક વિશેષ ડોક્યુમેન્ટ્રી ફિલ્મો અને ટી.વી. સમાચારનો થોડો ભાગ બતાવવામાં આવ્યો. આપણી આજુબાજુ ચાલી રહેલ હિંસાચાર, સ્ત્રીઓ ઉપર થઈ રહેલ અત્યાચાર, વિસ્થાપિતોની સમસ્યા, અતિશય દરિદ્રતામાં પોતાનું જીવન વ્યતિત કરી રહેલ કામગારોની પીડા, એ અવસ્થામાં પણ પરિસ્થિતિને માત કરતાં આપણાં બાળકોની ભાવિ શિક્ષણ તરફની તીવ્ર આશા અને આકાંક્ષા વગેરે વિષયો પર આધારિત ફિલ્મો હતી. શ્રી અરવિંદે આવા વિષયો શાળામાં સામેલ કરવા જોઈએ કે? આવા દૃશ્યો બાળકોને બતાવવા જોઈએ કે?, વગેરે સવાલો પર ચર્ચા કરી અને બાળકોમાં સંવેદનશીલતા કેવી રીતે જાગૃત કરી શકાય એની વાત કરતાં જણાવ્યું કે, આ બાબતોમાં બાળકોની પ્રતિક્રિયા, પ્રતિસાદ સાવ જ સ્વયંસ્ફૂર્ત હોય છે અને ઘણીવાર ખૂબ જ ઉત્કટ હોય છે.

શિક્ષકોએ પોતાનો મત ન પ્રદર્શિત કરતાં, ફક્ત વાસ્તવિકતા બાળકો સમક્ષ મૂકી આપવી, તેમની સાથે મળીને તે વિષય પર વધારે માહિતી ભેગી કરવી, એટલે કે એકંદરે પ્રતિક્રિયાની ગતિ ઓછી કરવી અને ઊંડાણપૂર્વક તે ઘટના પાછળના કારણોની તપાસ કરવી, એ વિશે બોલતાં શ્રીમતી જયશ્રીએ પ્રશ્ન ઊભો કર્યો કે શું આપણે આવો કોઈ મુદ્દો આપણી સમક્ષ ઊભો થાય એની રાહ જોઈ પછી જ એનો ઉપાય શોધવો જોઈએ કે પછી આવી બાબતો તરફ બાળકોમાં પહેલેથી જ

લાગણી જાગૃત થાય એ માટેના પ્રયત્ન કરવા જોઇએ ?

કેટલીક લડાઇની વિડિયો ગેમ્સ અને પ્રત્યક્ષ લડાઇના કેટલાક ફોટા બતાવીને વિડિયો ગેમ્સ ઉપર ચર્ચા કરવામાં આવી. આવી રમતો દ્વારા બાળકોમાં લડતના આયોજનની આવડત આવે છે એવી દલીલ કરવામાં આવે છે. પરંતુ આવી રમતોથી બાળકોને હાથાપાઇ, હત્યા, વિધ્વંશ, વિભાજનના વિચારો દ્વારા મનોરંજન મળી રહે છે અને બાળકોની લાગણી બુઠ્ઠી બનતી જાય છે. પરિણામે, આગળ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ હિંસાને ઉત્તેજે એવા કાર્યોમાં કરાય એની શકયતા રહેલી છે. બાળકોના બાળમનમાં અનેક વાતોનો ઉહાપોહ ચાલતો હોય છે, તેમની સાથે આપણે સંવાદ સાધીને તેમને સર્વ દષ્ટિકોણથી વિચારતાં કરવા જોઇએ તો તેમના કોઇ વિચારો કોઇ બંધ ચોકઠામાં બંધાઇ ન જાય, તે તરફ શ્રીમતી જયશ્રીએ ધ્યાન દોર્યું.

શાળામાં ચાલતાં કેટલાંક શિક્ષણેતર વિષયો બાબત ચર્ચા કરતાં કેટલીક ફિલ્મો બતાવવામાં આવી. વિદ્યાર્થીઓએ જ્યારે શહેરની ઝૂંપડપટ્ટીની મુલાકાત લીધી ત્યારે તેમના ઘરોમાંની સ્વચ્છતા જોઇને તેઓ આશ્ચર્ય ચકિત થઇ ગયાં હતાં અને અહીંનો મોટાભાગનો કચરો એ સમાજમાંનાં ઉચ્ચ વર્ગના ઉપયોગમાં આવતી વસ્તુઓની વેસ્ટનો હતો એ તેમને દેખાઇ આવ્યું.

નાના મોટા પ્રવાસોનું આયોજન કરીને બાંધકામ ચાલુ હોય તેવા વિસ્તારના કામગારોનું જીવન, ગ્રામીણ ભાગો, ખેતી બાગાયતીનો અભ્યાસ, ગામડાંના રહેવાસી પાસે જે હોય તે અન્ન વિદ્યાર્થીઓ સાથે વહેંચી આપવાની તેમની વૃત્તિ, આવા અનેકવિધ અનુભવો બાળકોની જીવનદષ્ટિને વિશાળ બનાવે છે. પ્રવાસ દરમ્યાન રેલ્વેના સાદા ડબામાં મુસાફરી, શાળામાં રહેવું, વગેરેને લીધે બાળકોને જીવનના એક અલગ જ પાસાંનો અનુભવ મળે છે, જે તેમના વાલીઓ સાથેના સુખસગવડોથી ભરપૂર પ્રવાસમાં નથી મળી શકતો.

આ શાળાઓમાં એકથી વધારે ધોરણમાંનાં બાળકોને એક સાથે બેસાડીને વિવિધ વિષયોના વર્ગ લેવામાં આવે છે. આની ઉપર ફિલ્મ પણ બતાવવામાં આવી. કાર્યશાળામાં ભાગ લીધેલ શિક્ષકોને આ બાબતનું ખૂબ જ અચરજ થયું અને એની ઉપર સવિસ્તાર ચર્ચા કરવામાં આવી. શ્રીમતી બીનાએ કહ્યું કે આવા વર્ગોમાં સહયોગી શિક્ષણની ભાવના હોય છે, મોટા વર્ગોના બાળકોમાં નાના બાળકો તરફ જવાબદારીની ભાવના થાય છે, નાના વર્ગોના બાળકો મોટા વર્ગોના બાળકો પાસેથી જે તે વિષયો શીખી પણ શકે છે. અહીં શિક્ષકે દરેક બાળક સાથે વાતચીત કરવી, સંવાદ સાધવો જરૂરી બને છે. કેટલાંક વિષયોની પ્રસ્તાવના એક સાથે આપી અને પછી અલગ અલગ ધોરણો પ્રમાણે આ વિષયો આગળ વધારાય છે. આ પધ્ધતિમાં બાળકો વચ્ચે સ્પર્ધા અને તુલનાની ભાવના પોષવાની કોઇ શકયતા નથી હોતી. નક્કી કરેલ માપપટ્ટી પ્રમાણે વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવામાં ન આવવાથી બાળકોમાં ડરની ભાવના પણ નથી રહેતી.

વિવિધ કળાઓ, સાહસિક પ્રવૃત્તિઓ, રમતગમત વગેરેમાંથી એકત્ર થઇને પડકારોને સ્વીકારવાનું શિક્ષણ બાળકોને મળે છે. આંતરશાળાકીય સ્પર્ધાત્મક રમતોમાં આ શાળાઓ ભાગ ન લેતી હોવાને કારણે અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ થાય એ હેતુથી વાર્ષિક નાટ્યમહોત્સવનું આયોજન કરવામાં આવે છે. અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ થાય એ હેતુથી વાર્ષિક નાટ્યમહોત્સવનું આયોજન કરવામાં આવે છે. અન્ય શાળાઓમાંથી આ કાર્યક્રમમાં ભાગ લેવાની ખૂબ માગ હોય છે. વિદ્યાર્થીઓએ પોતે અનુભવેલા પ્રસંગો ઉપર આધારિત અને સામાજિક લાગણીઓને ચેતનવંતી કરનારા નાટકો પણ બાળકો રજૂ કરે છે.

એકંદરે, સર્વ જીવસૃષ્ટિ તરફ આદરની ભાવના ઉદ્ભવે, તેમાંના સૌંદર્ય અને શાંતિ અનુભવાય, 'સ્વ'થી અલગ થઇ વિચાર કરતા થવાય, પ્રશ્નો ઉદ્ભવે, આ બધામાંથી મળનારા શિક્ષણની એક આગવી જ ગુણવત્તા હોય છે. અહીં કશાયના તૈયાર ઉત્તરો નથી હોતા, સતત શોધ ચાલુ જ હોય છે.

બપોરના સત્રમાં ત્રણ અલગ અલગ જૂથોમાં થયેલ જૂથ ચર્ચામાં શીખવવું, ડર, ગુસ્સો, અરસપરસ સંબંધ, એકાદ વિષયનો ઉત્કટતાથી અભ્યાસ કરવો, શાંત રહીને બોલનારને સાંભળવાની કળા વગેરે વિષયો પર વિચારોની વિસ્તૃત લેવડદેવડ થઇ.

કાર્યક્રમની પૂર્ણાહુતિ કરતાં શ્રીમતી જયશ્રી નંબિયારે કહ્યું કે 'આપણે શિક્ષક કેમ છીએ' એ બાબતનું આત્મનિરીક્ષણ કરતાં અન્ય અનેક બાબતો સાવ ક્ષુલ્લક લાગવા માંડી છે. ભાગ લેનાર શિક્ષકોએ એવો અભિપ્રાય આપ્યો કે 'શિક્ષણ પ્રત્યે જોવાનો એક અલગ જ દષ્ટિકોણ આપણને મળ્યો છે.' બોમ્બે કેમ્બ્રિજ ગુરુકુળ શાળા સમૂહના વિકાસ પ્રમુખ શ્રીમતી સવિતાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો અને એવી આશા વ્યક્ત કરી કે કાર્યશાળામાં સહભાગી થનાર દરેક શિક્ષકને એક અલગ જ અંતઃપ્રેરણા મળી હશે.

૯ મી જુલાઇના ખાસ બોમ્બે કેમ્બ્રિજ સમૂહની શાળાઓના શિક્ષકો માટે એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં અનેક વર્ષ શિક્ષકોને પ્રશિક્ષણ આપવાના અનુભવી અને કૃષ્ણમૂર્તિની જીવનદષ્ટિના અભ્યાસક એવા શ્રીમતી વાસંતી પડતેએ ગોવામાં એક શાળામાં કૃષ્ણમૂર્તિના વિચારોને અનુરૂપ શાળામાં બદલાવ કેવી રીતે લાવી શકયા હતા, કેવી રીતે અનેક બાબતોના ઉકેલ કાઢયાં હતાં, તે વિશે સવિસ્તાર માહિતી આપી. અહીં તેમના જ શબ્દોમાં સંક્ષિપ્તપણે મૂક્યું છે.

કૃષ્ણમૂર્તિની શાળાઓની મુલાકાત લીધા બાદ અને 'માનવતા' નિર્માણ કરવા માટે તે વિચારોનું મહત્ત્વ સમજાયા બાદ સામાન્ય શાળાના બાળકો આનાથી વંચિત રહે છે એ તીવ્રપણે અનુભવાયું. કૃષ્ણમૂર્તિ શાળાઓમાં સમજાયું કે નિર્ભય વાતાવરણમાં બાળકો બરાબર શીખી શકે છે, બાળપણના નિર્દોષ આનંદને માણતાં માણતાં મોટાં થઇ શકે છે.

પરિસ્થિતિમાંથી જ એક તક મળી અને સાથે જ એક પડકાર પણ ! એક અંગ્રેજી પ્રાયમરી શાળામાં સલાહકાર થવા માટેનું આમંત્રણ મળ્યું. શાળા એટલે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, મેનેજમેન્ટ, અન્ય કર્મચારીગણ, તેમ જ અભ્યાસક્રમ વગેરે અનેક બાબતો. એટલે મકાન અને તેનું વાતાવરણ પણ આવ્યું જ. આ સર્વ બાબતો માટે અલગ અલગ પ્રકારે પ્રતિક્રિયા આપવી, અલગ અલગ પ્રકારે ઉકેલ કાઢવો એ આ કામનો એક ભાગ હતો.

૧. મેનેજમેન્ટ પાસેથી સંપૂર્ણ સ્વતંત્રતા અને તેમનો વિશ્વાસ હતો. તેમના ધ્યેયને ધ્યાનમાં રાખીને જ આપેલ સ્વાતંત્ર્યનો ઉપયોગ કરવામાં આવ્યો.

૨. 'વાલી' એ એક મુશ્કેલ પડકાર હતો. પણ બાળકોનું ભવિષ્ય અને તેમનું સારું ભવિષ્ય એ માટે બધાં જ એકમત હતાં. 'સારાપણું'ની બદલતી વ્યાખ્યા પર ભાર આપીને વાલીઓ પાસેથી આ કાર્ય માટે પીઠબળ મેળવવાનો પ્રયત્ન હતો. તેમને દિલાસો એ હતો કે બાળકોના શિક્ષણની સર્વ જવાબદારી શાળાની રહેશે. ઘરકામ બંધ કરવામાં આવ્યું. બાળકો પર તણાવ ઓછો કરવાના પ્રયાસમાં વાલીઓ પરનો બોજો

પણ ઘટયો. બાળકોની ભાવનાઓના વિકાસમાં તેમનો સહકાર અપેક્ષિત અને જરૂરી છે એ બાબતે વાલી શિક્ષક મિટિંગોમાં (PTA) ચર્ચા કરવામાં આવતી.

૩. જરૂરત પ્રમાણે શિક્ષકોને પ્રશિક્ષણ આપવામાં આવતું. શૈક્ષણિક વિષયો સાથે જ સામાજિક, વૈજ્ઞાનિક, રાજકીય પ્રશ્નો પર ચર્ચા, સારા પુસ્તકોનું સમૂહ વાંચન, અન્ય અલગ પ્રકારે ચાલતી શાળાઓની મુલાકાત અને અભ્યાસ, આ બધામાંથી તેમના વ્યક્તિત્વને ઘડવાનો પ્રયાસ હોય છે. ભયમુક્ત વાતાવરણમાં શીખવવા માટે તુલના, સ્પર્ધા, પરીક્ષા બંધ કરવામાં આવી. પણ તેને લીધે પરીક્ષા વગર બાળકમાં થતા વિકાસનું મૂલ્યમાપન કરવાનો એક મોટો પ્રશ્ન ઊભો રહે છે. આમ, આવા વિશાળ ક્ષેત્રને આવરી લેતું કાર્ય અનેક ઝીણી બાબતો સાથે યોજાવા લાગ્યો. તેના અમલ માટે શિક્ષકોની માનસિકતા બદલાવી જોઇએ. આ કાર્ય પાછળની દૃષ્ટિ અને મહત્ત્વ તેમને સમજાવવું જરૂરી છે. આ સમજણ તેમને આત્મસાત થવી જોઇએ. આ પ્રયોગ શિક્ષકોને જરૂરી લાગવો જોઇએ, તેમના પર લાદેલો ન લાગવો જોઇએ. અહીં વિદ્યાર્થીઓ માટે શિક્ષકોનો ઉપયોગ કરવો એવું નથી થઇ શકતું. શિક્ષકોને એક નિતાંત આનંદ મળે એવી માનસિકતા નિર્માણ થાય એ જવાબદારી આપણી હોય.

વિદ્યાર્થી મનમાં ડર ન રાખીને શીખે એ મહત્ત્વનું કેન્દ્રબિંદુ છે. તે માટે મુખ્ય તો સ્પર્ધા, તુલના વગેરેને સંપૂર્ણપણે છોડવી પડે. તો પણ બાળકોની પ્રગતિ થાય, બાળકો શીખે એ તો અપેક્ષા હોય જ. આ કાર્ય યશસ્વીપણે પાર પાડવું શક્ય છે જ એવું દેખાય છે. ઉલટું અનુભવ તો એવો છે કે ભય અને તણાવ ન હોવાને કારણે બાળકો મુક્ત વાતાવરણમાં આનંદથી, પોતાની સંપૂર્ણ ક્ષમતા પ્રમાણે પ્રગતિ કરી શકે છે. નાના બાળકોને મહત્ત્વકાંક્ષા નથી હોતી. તે, તો વાલીઓને હોય છે. તેમની જોડે સંવાદ કરવો અને બાળકોના હિતની પાછળ પડવું તે મહત્ત્વનું છે.

અભ્યાસક્રમમાં મોટો બદલાવ કરવો પડે જેથી શિક્ષકોને પણ આ કાર્યક્રમ સક્ષમતાથી પાર પાડવો શક્ય બને. શાળાના અન્ય કર્મચારી ગણને પણ આ બદલાવની જાણ કરાવી અને તેમની જોડે પણ નીકટતા સાધવી પડે.

શિક્ષક, વાલી, વિદ્યાર્થી બદલતાં જાય છે. આ શાળામાં છેલ્લા વીસ-બાવીસ વર્ષોથી આ પ્રયોગ ચાલુ છે. આમાંથી શું નીપજે છે તેની કોઇ ગણતરી નથી, તેવી અપેક્ષા પણ નથી. આ એક પ્રવાસ છે. જેમાં ઉત્કટતા છે, એક કસોટી છે અને આ પ્રવાસ મનુષ્ય માટે એક યોગ્ય દિશામાં થઇ રહ્યો છે.

શ્રીમતી વાસંતી પડતેની જોડે આ સંવાદ થવાથી આ શિક્ષણ દૃષ્ટિ કૃષ્ણમૂર્તિ શાળાઓની બહાર પણ લાવવી શકય છે એવા શિક્ષકોના વિશ્વાસને જોર મળ્યું. તે પશ્ચાત, આગળના દિવસોના કાર્યક્રમ અનુસાર ડોકયુમેન્ટ્રી અને ટી.વી. સમાચાર ઉપરના વિડિઓ અને શાળામાં ચાલી રહેલ પ્રયોગો વગેરેની ચર્ચા કરવામાં આવી, જૂથ ચર્ચા થઇ, અને કૃષ્ણમૂર્તિના ભાષણના થોડાક અંશો બતાવવામાં આવ્યા.

બૉમ્બે કેમ્બ્રિજ ગુરૂકુલ સમૂહની શાળાઓમાં કૃષ્ણમૂર્તિની શિક્ષણ દૃષ્ટિના અનુષંગે ઘણાં કાર્યક્રમો થતાં હોવાને કારણે ત્યાંના શિક્ષકોને આ કાર્યશાળાને લીધે આવા કાર્ય પાછળની ગહન વિચારણા અને તેમાંનું તત્ત્વ સમજાયું હશે એવી આશા વ્યક્ત કરવામાં આવી.

## તરુણો માટે જે. કૃષ્ણમૂર્તિ : નાસિકમાં યોજાયેલ દ્વિભાષી (અંગ્રેજી-મરાઠી) પ્રદર્શન

તરુણો માટે જે. કૃષ્ણમૂર્તિ : નાસિકમાં યોજાયેલ દ્વિભાષી (અંગ્રેજી-મરાઠી) પ્રદર્શન આયોજિત થયેલું જેની આગેવાની લીધેલ હતી શ્રી વિકાસ કરવીરે. આ પ્રદર્શનમાંથી કૃષ્ણમૂર્તિના વિચારોની સાચી સમજણ મળે તે માટે શ્રી વિક્રમ પરચુરેએ કૃષ્ણમૂર્તિના પસંદ કરાયેલ કેટલાંક લખાણો અને તેને પૂરક ફોટા મૂકીને ૧૮ પેનલ્સ તૈયાર કરી હતી જે આ પ્રદર્શનનું વિશેષ આકર્ષણ હતું. આ પેનલ્સ આજના તરુણોની અવસ્થા અને તેમના તાણ-તણાવ ઉપર ચોક્કસાઇપૂર્વક પ્રકાશ નાખનારી છે.

ખાસ તરુણો માટે આયોજિત કરાયેલી આ પ્રદર્શનની લગભગ ૨૫૦ તરુણો અને જાગૃત નાગરિકોએ મુલાકાત લીધી અને મરાઠી પુસ્તકોનું વેચાણ પણ સારું થયું. નાસિક શહેરમાં આવા પ્રકારનું પ્રદર્શન પહેલી વાર જ ભરાયું હતું અને એને સારો પ્રતિસાદ પણ મળ્યો.

આ પ્રદર્શનનું પરિણામ એટલે પ્રદર્શનને લીધે કુતૂહલ જાગ્યું હોય તેવા કેટલાંક લોકો માટે ૨૨મી જુલાઇ, ૨૦૧૭ના 'પરિવર્તનનો પડકાર' એ 'Krishnamurti: The Challenge of Change' ડોકયુમેન્ટ્રીનું મરાઠી સંસ્કરણ દેખાડવામાં આવ્યું અને ૩૦ જુલાઇ, ૨૦૧૭ના પ્રદર્શનમાંની એક પેનલના વિષય આધારિત એક ચર્ચા બેઠક પણ આયોજિત કરવામાં આવી અને હવે આવી બેઠકો વચ્ચે વચ્ચે રાખવામાં આવશે એવું નક્કી પણ કરાયું છે.

તેવી જ રીતે, કૃષ્ણમૂર્તિના વિચારોનો પરિચય થાય એ હેતુથી કેટલાંક કાર્યક્રમો આયોજિત કરવા માટે નાસિકમાંના કેટલીક કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આમંત્રિત કરવામાં આવ્યા છે અને નાસિકની આસપાસના ગામોના વાંચનાલયમાં કૃષ્ણમૂર્તિના પુસ્તકો ભેટ આપવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું છે.

નાસિકનો સંપર્ક : ૯૪૨૦૯૧૬૭૩૪ / ૯૪૦૪૦૪૬૭૩૪








# એક માનવી તરીકે તમે આ અપાર જવાબદારી પ્રત્યે જાગૃત થાવ એ સિવાય બીજો કોઇ માર્ગ નથી

દુનિયામાં અસાધારણ ફેરફાર લાવવો એ એક વ્યક્તિ તરીકે તમારી જવાબદારી છે. એ તમારી જવાબદારી છે કારણકે તમે આ સમાજના ભાગ છો, કારણકે તમે માણસના આ અસાધારણ વિષાદ, આ સતત પ્રયત્ન, લડત, પીડા અને વ્યગ્રતાના ભાગ છો. તમે જવાબદાર છો, જ્યાં સુધી તમે તે અપાર જવાબદારીને સમજીને અને તેના પ્રત્યક્ષ સંપર્કમાં આવીને તેની સમગ્ર રચનાને તથા તેના તંત્રને સાંભળો નહીં, ત્યાં સુધી તમે ગમે તે કરો- દરેક મંદિરે, દરેક ગુરુ પાસે, દરેક ઉપદેશક પાસે, દુનિયાના દરેક ધર્મપુસ્તક પાસે જાવ-તમારાં કાર્યોનો કોઇ અર્થ નથી કારણકે તે બધાં માત્ર વાસ્તવિકતામાંથી કરાયેલાં પલાયનો છે.

એટલા માટે આપણે આ અસ્તિત્વને, આ જીવનને અને સમાજ સાથેના આપણા સંબંધને સમજવાં પડશે. આપણે માત્ર આપણા એકમેક સાથેના, સમાજ સાથેના સંબંધોને સમજવાના જ નથી, પરંતુ તેમાં આમૂલ ફેરફાર લાવવાનો છે. અને તે જવાબદારી આપણી છે. મને નથી લાગતું કે આપણે આ બાબતે ઉતાવળનો અનુભવ કરીએ છીએ. આપણી જાતમાં ફેરફાર લાવવા માટે આપણે રાજનીતિજ્ઞો તરફ, કોઇ તત્ત્વજ્ઞાન તરફ, કોઇ અગમ્ય વસ્તુ તરફ નજર દોડાવીએ છીએ. એક માનવી તરીકે તમે આ અપાર જવાબદારી પ્રત્યે જાગૃત થાવ, એ સિવાય બીજો કોઇ માર્ગ નથી, અને તે જવાબદારી પ્રત્યે જાગૃત થઇને તમે તેના વિષે સઘળું શીખો અને તમારી જૂની માહિતીને આ શીખવામાં વચ્ચે ન લાવો. અને શીખવા માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે; નહીંતર તમે ફરીફરીને એકની એક વસ્તુ જ કર્યા કરશો. તમે અહિંસા શીખી ન શકો.

મને નથી લાગતું કે તમે આ બાબતની નોંધ લીધી ન હોય કે આ દુનિયામાં આટલાં બધાં ગૂંચવણ, વિટંબણા અને દુઃખ છે અને આધુનિક માણસ તેમાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ શોધી શકયો નથી. તેથી તે ભૂતકાળનો આશરો લે છે. તે એમ વિચારે છે કે તેણે પાંચ હજાર કે સાત હજાર વર્ષ પાછળ જવું જોઇએ અને પુનરુત્થાન લાવવા માટે ભૂતકાળમાં નવો પ્રાણ રેડવો જોઇએ અને ફરીથી, તે રીતે કોઇ જવાબ મળતો નથી. સમય પાસે કોઇ જવાબ છે જ નહીં, સમય જીવનને અધિક સુખસગવડભર્યું બનાવી શકે, પણ સગવડ અને મોજશોખ કંઇ જીવનના સંપૂર્ણ જવાબો નથી. ન તો કોઇ પ્રકારના સમાજસુધારામાં આનો જવાબ રહેલો છે; અને ન તો કોઇ મંદિર કે કોઇ પવિત્ર પુસ્તકમાં થઇને આનો કોઇ માર્ગ જાય છે. મને લાગે છે કે માણસે આ બધાની ગંભીરતાને સમજવી જોઇએ, બધી મૂર્ખાઈભરી વાતોને દૂર કરી દેવી જોઇએ, અને હકીકતો સામે રૂબરૂ થવું જોઇએ - હકીકતો જે આપણું જીવન છે, આપણું રોજેરોજનું પાશવી, વ્યગ્ર, અસુરક્ષિત, ક્રૂર જીવન જેમાં મોજશોખ અને મનોરંજન પણ છે - અને જોવું જોઇએ કે વીસ લાખ વર્ષોથી જીવતો આવેલો માણસ પોતાની જાતમાં અને તેથી સમાજની રચનામાં આમૂલ, સર્વાંગી પરિવર્તન લાવી શકે છે કે કેમ.

આ જવાબદારી પ્રત્યે જાગૃત હોવાનો અર્થ છે મહાન, મુશ્કેલ કામ આપણે માત્ર આપણી જાતમાં જ નહીં, પણ આપણા અન્યો સાથેના સંબંધમાં પણ કામ કરવાનું છે. કામ એટલે મારો અર્થ એ નથી કે કોઇ બેવકૂફી ભરેલા સૂત્ર કે કોઇ વાહિયાત માન્યતા મુજબનું આચરણ, અથવા કોઇ ફિલસૂફ કે ગુરુ કે ઉપદેશકના વિચિત્ર દાવાઓ મુજબનું આચરણ. આ બધું તદ્દન અપરિપકવ અને બાલિશ છે. જ્યારે આપણે કામની વાત કરીએ ત્યારે આપણો અર્થ છે આ દુનિયામાં જીવતા એક મનુષ્ય તરીકે આ જવાબદારી પ્રત્યે જાગૃત થવું કે પોતાની જાતમાં ફેરફાર લાવવા માટે કામ કરવું એ છે. અને જો તે ખરેખર બદલાય, જો તે પોતાની જાતમાં પરિવર્તન લાવે, તો તે સમાજનું સર્વાંગી પરિવર્તન કરશે. સમાજનું સર્વાંગી પરિવર્તન કોઇ આર્થિક કે સામાજીક ક્રાંતિ દ્વારા થતું નથી. આપણે ફ્રેન્ચ ક્રાંતિ અને રશિયન ક્રાંતિમાં આ જોયું છે. માનવીની સર્વકાલીન આશા- કે બહારની વસ્તુઓમાં ફેરફાર કરવાથી માણસના આંતરિક ફેરફાર આ અતિ ગરીબ દેશમાં નિશ્ચિત આવવાનો જ છે - તે માણસના વલણ, જીવનની રીત, વિટંબણા કે ગૂંચવણમાં કોઇ જ ફેરફાર નહીં લાવે.

તેથી પોતાનામાં સંપૂર્ણ ફેરફાર લાવવા માટે માણસે પોતાની જાત પ્રત્યે જાગૃત થવું પડે - એટલે કે એણે પોતાની બાબતમાં નવેસરથી શીખવું પડે. મનુષ્યવિજ્ઞાનની તાજેતરની શોધ પ્રમાણે માનવ વીસ લાખ વર્ષોથી જીવે છે, અને માનવે પોતાની વિટંબણામાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ શોધ્યો નથી. તેણે એમાંથી પલાયન કર્યું છે, તે એમાંથી કોઇ કાલ્પનિક ઈન્દ્રજાળ મારફત ભાગી છૂટયો છે. પણ તેણે એ શોધ્યું નથી, તેણે એવો સમાજ બનાવ્યો નથી જે સંપૂર્ણતઃ મુક્ત હોય; તેણે એવો સમાજ બનાવ્યો નથી જે અનુસરણબદ્ધ ન હોય.

જો તમે અવલોકન કરો, તો તમે જોશો કે ઘણા સમાજ એવા છે જેમાં લોકો જરૂરિયાતને લીધે સહકારથી રહે છે.

જરૂરિયાતને લીધે, દબાણને કારણે, ઔદ્યોગિક ક્રાંતિને લીધે લોકોએ સાથે મળીને જીવવું પડે; એકમેકને સહકાર આપવો પડે, નિયમોનું પાલન કરવું પડે, એક ઢાંચા મુજબ ચાલવું પડે. અને તમે અવલોકન કરી શકશો કે તેવા સમાજમાં પણ સંઘર્ષ રહે છે; દરેક માણસ બીજા માણસના વિરોધમાં હોય છે કારણકે એ મહત્વાકાંક્ષી છે, સ્પર્ધાત્મક વલણ ધરાવે છે, પછી વાતો ભલે ને પાડોશીપ્રેમની કરતો હોય, બળજબરીને લીધે એણે સહકાર આપવો પડે છે, પરંતુ તે સહકારની ભીતરમાં, પાડોશીપ્રેમની વાતોની ભીતરે, એ માણસ સ્પર્ધાત્મક, નિર્દય, મહત્ત્વાકાંક્ષી છે. એટલા માટે સમાજનો આવો ઢાંચો તેનો પોતાનો જ વિનાશ કરે છે.

*The Collected Works, Vol.XV, pp. 52-54,*
મુંબઇ, ૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૫

## વાર્ષિક સંમેલન ૨૦૧૭

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા સંસ્થાનું વાર્ષિક સંમેલન આ વર્ષે સહ્યાદ્રી અધ્યયન કેન્દ્રમાં ૧૧ થી ૧૪ નવેમ્બર, ૨૦૧૭ આ દિવસોમાં આયોજિત કરવામાં આવ્યું છે. આ સંમેલનનો વિષય છે The Common Ground of Humanity (માનવતાનો સહિયારો આધાર). બધા માટે ખુલ્લા રહેનાર આ સંમેલનમાં કૃષ્ણમૂર્તિના વીડિયો ભાષણો તેમ જ જૂથચર્ચા અને અન્ય કાર્યક્રમોમાંથી કૃષ્ણમૂર્તિના વિચારોને આધારે આપણા જીવનની શોધ કરવાની છે. જેમણે આ સંમેલનમાં સહભાગી થવું હોય તેમણે વધારે માહિતી માટે નીચે આપેલનો સંપર્ક સાધવો.

ઈમેઈલ : kfisahyadrischool@gmail.com
ફોન નં.: (૦૨૧૩૫) ૩૦૬૧૯૨ / ૨૮૮૪૪૨ / ૨૮૮૪૪૩

## તમે જે છો તે વિશ્વ છે, અને તમારા સર્વાંગી પરિવર્તન વિના વિશ્વનું કોઇ પરિવર્તન સંભવી ન શકે

**એ**ટલા માટે સૌથી પહેલાં એ સમજવું જરૂરી છે કે વિશ્વની સમસ્યા એ વ્યક્તિની સમસ્યા છે; એ તમારી અને મારી સમસ્યા છે. અને વિશ્વની પ્રક્રિયા વ્યક્તિગત પ્રક્રિયાથી અલગ નથી, તે બન્ને સંયુક્ત ઘટના છે. અને તેથી તમે જે કરો, તમે જે વિચારો, તમે જે અનુભવો, તે, કાયદા અમલમાં લાવવા કરતાં અથવા કોઇ રાજનૈતિક પક્ષ કે લોકજૂથમાં જોડાયેલા હોવા કરતાં ઘણું વધારે અગત્યનું છે. એ સ્પષ્ટ છે કે સૌ પ્રથમ આ સત્યને આત્મસાત કરવાનું છે. વિશ્વમાં ક્રાન્તિ જરૂરી છે. પરંતુ અમુક ખાસ ઢાંચાબધ્ધ કાર્ય મુજબની ક્રાન્તિ એ કોઇ ક્રાન્તિ નથી. જ્યારે તમે એક વ્યક્તિ તરીકે તમારી જાતને સમજો, અને તેથી કામ કરવાની એક નવી પ્રક્રિયાનું સર્જન કરો, ત્યારે જ ક્રાન્તિ શક્ય છે. નિશ્ચિતપણે આપણને ક્રાન્તિની જરૂર છે. કારણકે બધું જ છિન્નભિન્ન થઇ રહ્યું છે- સમાજરચનાઓ તૂટી રહી છે. યુધ્ધો વધી રહ્યાં છે. આપણે ભેખડની ધાર ઉપર ઊભા છીએ, અને એ સ્પષ્ટ છે કે કોઇક પ્રકારના પરિવર્તનની જરૂર છે કારણકે આપણે આમને આમ આગળા જઇ શકીએ તેમ નથી. ડાબેરીઓ એક પ્રકારની ક્રાંતિની રજૂઆત કરે છે, અને જમણેરીઓ તેમાં ફેરફારો સૂચવે છે. પણ આવી ક્રાંતિઓ એ કંઇ ક્રાંતિઓ નથી; આનાથી સમસ્યા હલ નથી થતી કેમકે માનવીય અસ્તિત્વ એટલું જટિલ છે કે એને કોઇ એક સૂત્ર દ્વારા સમજી ન શકાય અને સ્થાયી ક્રાન્તિની આવશ્યકતા હોવાને લીધે તેની શરૂઆત તમારાથી જ થઇ શકે અને એ હકીકત છે કે તેવું ત્યારે જ થઇ શકે જ્યારે તમે તમારી જાતને સમજો. આ સત્ય છે, અને તમે ભલે ગમે તે દિશાએથી તે માર્ગે જાવ, પણ તેને ટાળી નહીં શકો, અને તેનું સત્ય જોયા પછી તમારે તમારી સંપૂર્ણ પ્રક્રિયાનો અભ્યાસ કરવાનો ઇરાદો દૃઢ કરવો જોઇએ. કારણકે તમે જે છો તે જ વિશ્વ છે. જો તમે અમલદારીશાહીના માનસવાળા હો તો તમે અમલદારશાહીવાળું મૂર્ખાઇ ભરેલું, તુમારશાહી ભરેલું વિશ્વ સર્જશો; જો તમે લોભી, ઈર્ષાળુ, સંકુચિત અને રાષ્ટ્રીયતાની ભાવનાવાળા હો તો તમે એવું વિશ્વ સર્જશો જેમાં રાષ્ટ્રવાદ હોય, જે માણસોનો વિનાશ કરી નાખે, જેની સમાજરચના લોભ, વિભાજન, મિલકત વગેરે ઉપર આધારિત હોય, માટે તમે જે છો તે વિશ્વ છે, અને તમારા સર્વાંગી પરિવર્તન વિના વિશ્વનું કોઇ પરિવર્તન સંભવી ન શકે. પરંતુ પોતાની જાતનો અભ્યાસ અસાધારણ સાવચેતી, ઝડપી નરમાશ માગી લે છે. અને પરિણામની ઇચ્છાથી લદાયેલું મન વિચારની ઝડપી ગતિનું અનુસરણ કદી કરી ન શકે. એટલા માટે સૌથી પહેલી મુશ્કેલી એ છે કે એ સત્યને જોવું કે વ્યક્તિ જવાબદાર છે અને તમે આ સઘળી અવ્યવસ્થા માટે જવાબદાર છો, અને તમે તમારી જવાબદારીને જુઓ ત્યારે તેનું અવલોકન કરવાના ઇરાદાને દૃઢ કરવો, અને તેથી તમારામાં એક આમૂલ, સર્વાંગી પરિવર્તન લાવવું.

*Social Responsibility,*
બંગળુરૂ, ૧૧ જુલાઈ, ૧૯૪૮

**કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓ:**

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધાં પુસ્તકો, ડીવીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વિડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચેન્નઇ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિમંત નિવાસ,
૩૧, ડુંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઇ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઇમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net ● Editor : Vasanti Padte*
*Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com*